# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-02-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BOARD EXAM OVERALL

રાજ્યભરમાં એક હજાર 701 કેન્દ્ર પર આજથી ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. શિક્ષણ મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ પરીક્ષા આપનારા 15 લાખ 27 હજાર 724 વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી છે. ગાંધીનગરની સ્વામિનારાયણ ગુરુકુળ પરીક્ષા કેન્દ્ર પર તેમણે વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું.

પરીક્ષામાં કોઈ પણ ગેરરીતિ ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ તમામ પરીક્ષા કેન્દ્રને સીસીટીવી કૅમેરાથી સજ્જ કરાયા છે. ઉપરાંત જિલ્લા સંકલન સમિતિના વર્ગ એક અને 2ના અધિકારીઓને નિરીક્ષક તરીકે નિયુક્ત કરાયા છે. જ્યારે કાયદા-વ્યવસ્થાની સ્થિતિ જાળવવા પૂરતો પોલીસ સ્ટાફ તહેનાત કરાયો હોવાનું પણ શ્રી વાજાએ ઉમેર્યું.

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ પણ ગાંધીનગરમાં એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકેન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલની મુલાકાત લીધી. પરીક્ષાર્થીઓનો ઉત્સાહ વધારતાં તેમણે પરીક્ષાને ઉત્સવ ગણાવ્યો અને ચિંતામુક્ત થઈ પેપર લખવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપી.

(BYTE: RIVABA JADEJA, EDUCATION MINISTER)

ભરૂચમાં જિલ્લા પોલીસે પરીક્ષાર્થીઓ સમયસર કેન્દ્ર પર પહોંચી શકે તે માટે શહેરના મહત્વના વિસ્તારમાં વિશેષ પોલીસ પૉઇન્ટ

બનાવ્યા છે. આ અંગે જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક સી. કે. પટેલે વધુ માહિતી આપી.

(BYTE: C. K. PATEL, DySP, BHARUCH)

મહેસાણામાં રાજ્યસભા સાંસદ મયંક નાયક અને જિલ્લા કલેક્ટરે વિદ્યાર્થીઓને પુષ્પ આપી તેમને આવકાર્યા.

તો, સુરેન્દ્રનગરમાં 35 કેન્દ્રના એક હજાર 78 બ્લોકમાં શરૂ થયેલી પરીક્ષા અંગે જિલ્લા કલેક્ટર કે. એ. યાજ્ઞિક અને જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી.

બનાસકાંઠામાં વિદ્યાર્થીઓ માટે વહીવટી તંત્રએ પ્રેરણાદાયી પહેલ કરી 311 કેન્દ્ર પર વિદ્યાર્થીઓનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું. જિલ્લા કલેક્ટર મિહિર પટેલે પણ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

ભાવનગરમાં ધોરણ 10 અને 12ના પરીક્ષાર્થીઓ પ્રવેશપત્ર બતાવી વિનામૂલ્યે સિટી બસમાં મુસાફરી કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

જામનગરના કલેક્ટરે વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા કહ્યું, પરીક્ષા જીવનનો પડાવ છે, અંતિમ લક્ષ્ય નહીં. એટલે વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપે.

તો, પાટણમાં જિલ્લા શિક્ષણ અધિકારી અને વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પરીક્ષાર્થીઓને મોઢું મિઠું કરાવી તેમનું સ્વાગત કરાયું.

. . . . . . . . . . . . .

# PM SHREE SCHOOLS

કેન્દ્ર સરકાર દ્વારા કચ્છમાં પીએમ-શ્રી યોજના હેઠળ 18 નવી શાળાને મંજૂરી અપાઈ છે. આદર્શ શાળા તરીકે આ શાળાઓનો વિકાસ કરાશે, જે આગામી શૈક્ષણિક સત્રમાં શરૂ થશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ મુજબ, આ શાળાઓમાં અદ્યતન વર્ગખંડ, આધુનિક પ્રયોગશાળાઓ, ડિજિટલ ગ્રંથાલય અને રમતગમતની સુવિધા ઉપલબ્ધ કરાવાશે.

. . . . . . . . . . . . .

# BUDGET MAHILA BAL KALYAN

રાજ્યના અંદાજપત્રમાં મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્ર માટે સાત હજાર 690 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉક્ટર મનિષા વકીલે આ અંગે માહિતી આપવાં ગાંધીનગરમાં પત્રકાર પરિષદ યોજી, જેમાં તેમણે કહ્યું, અંદાજપત્રમાં આંગણવાડી ક્ષેત્રે માળખાગત સુધારા માટે રાજ્યમાં બે હજાર નવા આંગણવાડી કેન્દ્રના બાંધકામ માટે 360 કરોડ રૂપિયાની જોગવાઈ છે.

આ કેન્દ્ર બાળકોને અનુકૂળ અભિગમ પર તૈયાર કરાશે. તેમાં મૉડ્યુલર ફર્નિચર, R.O. મશીન, LED ટીવી સ્ક્રિન અને વરસાદી પાણીના સંગ્રહ માટેની સુવિધાઓ હશે, તેમ સુશ્રી વકીલે ઉંમેર્યું.

. . . . . . . . . . . . .

# CM BHAVNAGAR PROG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, આધુનિકતા અને ટેક્નોલૉજીના યુગમાં પણ આધ્યાત્મિકતા એટલી જ જરૂરી છે. ભાવનગરમાં વલ્લભિપૂર તાલુકાના પછ્છે ગામમાં યોજાયેલા શ્રી મુરલિધરજી મહારાજ નીજ મંદિર મહોત્સવને સંબોધતા શ્રી પટેલે કહ્યું, આવા આધ્યાત્મિક કાર્યક્રમ સમાજમાં સંસ્કાર, સમર્પણ અને સકારાત્મક ઉર્જાનો સંચાર કરે છે.

(BYTE: BHUPENDRA PATEL, CM)

આ પ્રસંગે ગાયત્રી આશ્રમ ગધેથડથી પધારેલા પૂજ્ય લાલબાપુ દ્વારા વ્યસનમુક્તિ સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ પણ આ અભિયાનને યુવાનો માટે અત્યંત પ્રેરણાદાયી ગણાવી તેની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . .